Gujarat Samachar (Plus)

EDII

August 05, 2023
Page No. 03

## ઈડીઆઈઆઈમાં ૨૨મો પદવીદાન સમારોહ યોજાયો

# ભારત એક લાખથી વધુ સ્ટાર્ટઅપ સાથે વિશ્વનું ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું





એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)માં ૨૨મા પદવીદાન સમારોહનું આયોજન કરાયું હતું. પદવીદાન સમારોહમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાના બાવન અને મેનેજમેન્ટના બે ફેલો સહિત ૫૪ સ્ટુડન્ટ્સને પદવી એનાયત કરાઈ હતી. પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા તમિલનાડુના રાજ્યપાલ આર.એન.રવિએ દિક્ષાંત સંબોધનમાં કહ્યું કે, સ્ટુડન્ટ્સ તરીકે અભ્યાસ પૂર્ણ કર્યો હવે એન્ટરપ્રિન્યોર બનવાની દિશામાં વધારે ફોક્સ કરવું જોઈએ. તમે એવા સમયે ગ્રેજ્યુએટ થઈ રહ્યાં છો કે જ્યારે દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. વર્તમાન યુગ દરેક વ્યકિત માટે અપાર તકોનું સર્જન કરી રહ્યો છે. આપણો દેશ યુવાનોને તેમની ઊર્જા અને સંભાવનાઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી રહ્યો છે. યુવાનો આગળ વધે તે માટે ઈકોસિસ્ટમની રચના તૈયાર કરાઈ રહી છે. ભારતમાં આજે એક લાખથી વધુ સ્ટાર્ટઅપ સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે, જે આપણા યુવાનોની સાહસિક ભાવનાને લીધે શક્ય બન્યું છે. યુવાનોની આ સર્જનાત્મક શક્તિ ભારતને વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થા બનાવશે. યુવાનો દેશની મિલકત છો ત્યારે તમે સ્વસ્થ રહો તે જરૂરી છે. પદવીદાન સમારોહમાં ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તથા આઈડીબીઆઈ બેંક લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ રાકેશ શર્માએ પ્રેસિડેન્શિયલ વક્તવ્ય આપ્યું હતું. ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ.સુનીલ શુક્લાએ ઈડીઆઈઆઈના કાર્યની રૂપરેખા આપી હતી.